# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1) દિલ્હીના મુખ્યમંત્રીના નામની પસંદગી માટે ભાજપના ધારાસભ્ય દળની બેઠક ચાલી રહી છે
2) કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્રસિંહે જણાવ્યું કે, અંતરિક્ષ, જૈવ પ્રૌદ્યોગિકી અને પરમાણુ ઊર્જાના ક્ષેત્રોમાં ભારત વૈશ્વિક માપદંડો સ્થાપિત કરી રહ્યું છે
3) ટકાઉ અને અગ્નિ-પ્રતિરોધક જ નહીં પણ જાતે જ સફાઈ પણ કરી શકે તેવા અદ્યતન કાપડનું ભારતમાં ઉત્પાદન થશે
4) ગુજરાત વિધાનસભામાં આજથી બજેટ સત્રનો આરંભ થયો
5) ચેમ્પિયન્સ ટ્રોફીમાં દુબઇમાં બાંગ્લાદેશ સામે ભારતની પહેલી મેચ આવતીકાલે રમાશે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DELHI CM

દિલ્હીના મુખ્યમંત્રી પદ માટેની જાહેરાત થોડીવારમાં કરવામાં આવી શકે છે. દિલ્હીમાં ભાજપની ધારાસભ્ય દળની બેઠક યોજાઇ છે. નિરીક્ષક રવિશંકર પ્રસાદ અને ઓમ પ્રકાશ ધનખડ પણ બેઠકમાં ઉપસ્થિત છે. આ બેઠક ચાલી રહી છે. આ બેઠક દરમિયાન નિરક્ષકો મુખ્યમંત્રીના નામની જાહેરાત કરશે.

# JITENDRASINGH SPACE

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, ભારત હવે માત્ર ફોલોઅર જ નથી રહ્યું, પરંતુ હવે તે વૈશ્વિક માપદંડો સ્થાપિત કરી રહ્યું છે, જે વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ અને અગ્રણી નવીનતાઓ પ્રદાન કરે છે. તેમણે અંતરિક્ષ, જૈવ પ્રૌદ્યોગિકી અને પરમાણુ ઊર્જા વગેરે ક્ષેત્રોમાં તાજેતરનાં વર્ષોમાં ભારતે કરેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો, જેણે પોતાને વૈશ્વિક મંચ પર અગ્રેસર તરીકે સ્થાન આપ્યું છે.

ડૉ. જિતેન્દ્ર સિંહે ધ્યાન દોર્યું હતું કે, ભારતનાં અંતરિક્ષ ક્ષેત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે, જેમાં મહત્ત્વાકાંક્ષી મિશનો અને આંતરરાષ્ટ્રીય જોડાણોમાં વધારો થયો છે. સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ ,SpaDeX ભારતની ટેકનોલોજીકલ પ્રગતિનું પ્રમાણ છે, જે ગગનયાન, ચંદ્રયાન-4 અને ભારતનું આગામી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન ભારતીય અંતરીક્ષ સ્ટેશન સહિત ભવિષ્યનાં અંતરિક્ષ અભિયાનો માટે માર્ગ મોકળો કરે છે.

તેમણે કહ્યું હતું કે ડીએનએ આધારિત કોવિડ-19 રસી અને સર્વાઇકલ કેન્સર માટે પ્રથમ હર્પીઝવાયરસ રસી સાથે ભારત વૈશ્વિક હેલ્થકેર નવીનતામાં મોખરે છે

કેન્દ્રીય મંત્રીએ ભારતની બાયોઇકોનોમી 10 અબજ ડોલરથી 140 અબજ ડોલર સુધી પહોંચીને , સમૃદ્ધ બાયોટેક સ્ટાર્ટઅપ્સ સાથે 250 અબજ ડોલર સુધી પહોંચવાની તૈયારીમાં છે.

# NATIONAL TECHNICAL TEXTILE MISSION

ટકાઉ અને અગ્નિ-પ્રતિરોધક જ નહીં પણ જાતેજ સફાઈ પણ કરી શકે તેવા અદ્યતન કાપડના ઉત્પાદન સાથે ભારતનું રાષ્ટ્રીય ટેકનિકલ ટેક્સટાઇલ મિશન કાપડ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે, આજે ભિવાનીમાં ટેકનોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્સટાઇલ એન્ડ સાયન્સિસ ખાતે આયોજિત રાષ્ટ્રીય ટેક્સટાઇલ કોન્ફરન્સને સંબોધતા, મિશન ડિરેક્ટર અશોક મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, આ નવીન સામગ્રી ટૂંક સમયમાં મોટા પાયે બનાવવામાં આવશે. બાદમાં, મીડિયા સાથે વાત કરતા, શ્રી અશોક મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ટેકનિકલ કાપડના ઉત્પાદન માટે લગભગ દોઢ હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. શ્રી મલ્હોત્રાએ જણાવ્યું હતું કેરાષ્ટ્રીય ટેકનિકલ ટેક્સટાઇલ મિશન હેઠળ, પુલ અને રસ્તાના બાંધકામ, તબીબી ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતા ખાસ કપડાં હવે ભારતમાં બનાવવામાં આવશે.

# FINANCE COMMISSION GRANT

સરકારે આજે બિહાર, હરિયાણા અને સિક્કિમના ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે નાણાકીય વર્ષ 2024-25 માટે પંદરમા નાણા પંચની ગ્રાન્ટ્સ જાહેર કરી છે. બિહારને 821 કરોડ રૂપિયાથી વધુ રકમની અનટાઈડ ગ્રાન્ટ્સનો બીજો હપ્તો અને અનટાઈડ ગ્રાન્ટ્સના પહેલા હપ્તાનો રોકેલો ભાગ લગભગ 48 કરોડ રૂપિયા પ્રાપ્ત થયા છે. આ ભંડોળ તમામ 38 જિલ્લા પંચાયતો, 530 બ્લોક પંચાયતો અને આઠ હજારથી વધુ પાત્ર ગ્રામ પંચાયતો માટે છે.

હરિયાણામાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને 202 કરોડ રૂપિયાથી વધુ રકમની અનટાઈડ ગ્રાન્ટ્સનો બીજો હપ્તો અને 7.5 કરોડ રૂપિયાથી વધુ રકમની અનટાઈડ ગ્રાન્ટ્સના પહેલા હપ્તાનો રોકેલો ભાગ પ્રાપ્ત થશે. પંચાયતી રાજ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ભંડોળ 18 પાત્ર જિલ્લા પંચાયતો, 142 પાત્ર બ્લોક પંચાયતો અને લગભગ 6,200 પાત્ર ગ્રામ પંચાયતો માટે છે. સિક્કિમને નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 6 કરોડ રૂપિયાથી વધુની અનટાઈડ ગ્રાન્ટનો બીજો હપ્તો મળ્યો છે. આ ભંડોળ 4 પાત્ર જિલ્લા પંચાયતો અને 186 પાત્ર ગ્રામ પંચાયતો માટે છે.

# INDIA-ARGENTINA AGREEMENT

ભારત અને આર્જેન્ટિનાએ આજે લિથિયમ સંશોધન અને ખાણમાં સહયોગ મજબૂત કરવા માટે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી અને આર્જેન્ટિનાના કેટામાર્કાના ગવર્નર રાઉલ અલેજાન્ડ્રો જલીલ વચ્ચે આજે નવી દિલ્હીમાં યોજાયેલી બેઠક દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન, ખાણકામ ક્ષેત્રમાં, ખાસ કરીને લિથિયમ સંશોધન અને રોકાણની તકોમાં સહયોગ વધારવા પર ચર્ચા થઈ હતી.

# ODISHA-CM-NEPAL JUSTICE

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણમાઝીએ નેપાળ દૂતાવાસને ખાતરી આપી છે કે ભુવનેશ્વર ખાતે KIIT યુનિવર્સિટીમાં નેપાળની એક વિદ્યાર્થિનીની આત્મહત્યાના કેસમાં ન્યાય મળશે. શ્રી માઝીએ આજે નેપાળ દૂતાવાસના બે રાજદૂતો સાથે વાત કરી હતી અને ખાતરી આપી હતી કે KIIT કેમ્પસમાં શાંતિ અને સામાન્યતા પુનઃસ્થાપિત કરવામાં આવશે. જ્યાં સેંકડો નેપાળી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમણે આ ઘટના પછી ઓડિશાથી ભાગી ગયેલા નેપાળી વિદ્યાર્થીઓને કેમ્પસમાં પાછા ફરવાઅને તેમનો અભ્યાસ ફરી શરૂ કરવા પણ વિનંતી કરી હતી. નેપાળના વિદેશ મંત્રી ડૉ. આરઝુરાણા દેઉબાએ પણ આ બાબતે ઓડિશાના ઉચ્ચ શિક્ષણ મંત્રી સૂર્યવંશી સૂરજ સાથે ફોન પર વાત કરી છે. કેમ્પસમાં કથિત ઉત્પીડન બાદ વિદ્યાર્થીની આત્મહત્યાની તપાસ માટે ઓડિશા સરકારે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય તથ્ય શોધ સમિતિની રચના કરી છે. દરમિયાન, મૃતક વિદ્યાર્થીની માટે ન્યાયની માંગણી સાથે યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ પ્રદર્શન થયુ હતું.

# FASTAGE CLERIFICATION

નવા FASTag નિયમ અંગે નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા, NHAIએ સ્પષ્ટતા કરી છે કે રીડિંગ ટાઈમ પહેલાં 60 મિનિટથી વધુ સમય અને રીડિંગ ટાઈમ પછી 10 મિનિટ સુધી સક્રિય ન હોય તેવા FASTag પરના વ્યવહારોને નકારવા અંગે કેટલાક પ્રકાશનો દ્વારા પ્રકાશિત સમાચારોના સંદર્ભમાં, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, NPCI દ્વારા જારી કરાયેલ 28.01.2025 ના પરિપત્રની FASTag ગ્રાહક અનુભવ પર કોઈ અસર થતી નથી.

NPCI દ્વારા આ પરિપત્ર એક્વાયરર બેંક અને ઇશ્યુઅર બેંક વચ્ચે વાહન ટોલ પ્લાઝા પાર કરતી વખતે FASTag સ્થિતિ અંગેના વિવાદોના ઉકેલને સરળ બનાવવા માટે જારી કરવામાં આવ્યો છે. આ પરિપત્રનો હેતુ એ પણ સુનિશ્ચિત કરવાનો છે કે વાહન ટોલ પ્લાઝા પસાર કરે તે પછી વાજબી સમયની અંદર FASTag વ્યવહારો બનાવવામાં આવે જેથી ગ્રાહકોને મોડા વ્યવહારોથી હેરાન ન થાય.

બધા નેશનલ હાઇવે ટોલ પ્લાઝા ICD 2.5 પ્રોટોકોલ પર કાર્ય કરે છે જે રીઅલ-ટાઇમ ટેગ સ્ટેટસ આપે છે, તેથી FASTag ગ્રાહકો ટોલ પ્લાઝા પાર કરતા પહેલા ગમે ત્યારે રિચાર્જ કરી શકે છે.

FASTag ગ્રાહકોને મેન્યુઅલ રિચાર્જની જરૂરિયાતને દૂર કરવા માટે ઓટો-રિચાર્જ સેટિંગ હેઠળ ગ્રાહકો UPI, નેટ બેંકિંગ અને વધુ જેવી વિવિધ ચુકવણી ચેનલોનો ઉપયોગ કરીને ટોલ પર પહોંચતા પહેલા ગમે ત્યારે તેમના FASTag રિચાર્જ કરવાનું ચાલુ રાખી શકે છે.

# GUJARAT BUDGET SESSION

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી પ્રારંભ થયો .શ્રી દેવવ્રતે જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે રાજ્યના વિકાસમાં આયોજન અને કાર્યક્રમોમાં 'GYAN' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ અને ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કર્યું .રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરાયો . દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ.મનમોહન સિંઘ, સ્વર્ગીય ધારાસભ્ય કરસન સોલંકી, પૂર્વ ઉપાધ્યક્ષ શંભૂજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય કમલેશ પટેલના અવસાન અંગે શોક દર્શક ઉલ્લેખ કર્યો .ત્યારબાદ ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી.

# J&K-WATER CRISIS

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કેન્દ્રશાસિત પ્રદેશમાં જળ વ્યવસ્થાપન અને સંરક્ષણ માટે વધુ સક્રિય અભિગમ અને સામૂહિક પ્રયાસો કરવા હાકલ કરી છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, મુખ્યમંત્રીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીર આ વર્ષે વરસાદમાં ભારે ઘટને કારણે પાણીની કટોકટીનો સામનો કરી રહ્યું છે. તેમણે લોકોને પાણીનો ઉપયોગ કરવાની રીત બદલવા વિનંતી કરી હતી.

# MP-ENCOUNTER

મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લામાં હોક ફોર્સ અને જિલ્લા પોલીસ દળ સાથેની અથડામણમાં આજે ત્રણ કટ્ટર નક્સલીઓ માર્યા ગયા. ત્રણેય નક્સલીઓ મહિલાઓ છે. આ અથડામણ ગઢી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સૂપખાર ફોરેસ્ટ રેન્જના રૌંડા ફોરેસ્ટ કેમ્પ પાસે થઈ હતી. નક્સલીઓ પાસેથી રાઇફલ અને દૈનિક ઉપયોગની અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

# LADAKH-SNOWSHOE

જમ્મુ અને કાશ્મીરના સોનમર્ગમાં આયોજિત 9મી રાષ્ટ્રીય સ્નો શૂ ચેમ્પિયનશિપ 2025માં લદ્દાખની સ્નો શૂ ટીમે નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. 20 રાજ્યોની ટીમો સાથેની સ્પર્ધામાં લદ્દાખે 15 મેડલ મેળવી ,કુલ મેડલ ટેબલમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું. લદાખની ટીમે 6 સુવર્ણ , 5 રજત અને 4 કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

# ICC-CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીની નવમી આવૃત્તિ આજે બપોરે કરાચીમાં ન્યૂઝીલેન્ડ સામે શરૂ થયેલી મેચમાં ન્યુઝિલેંડે આપેલા 321 રનના જીતના લક્ષ્યાંક સામે પાકિસ્તાને છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે આઠ ઓવરમાં એક વિકેટ ગુમાવીને 20 રન કર્યા હતા. અગાઉ, પાકિસ્તાને ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમ આવતીકાલે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આઠ ટોચની વન-ડે ટીમો ધરાવતી આ ટુર્નામેન્ટ પાકિસ્તાન અને UAEમાં રમાશે. ફાઇનલ આવતા મહિનાની 9મી તારીખે રમાશે. ગ્રુપ Aમાં ન્યુઝીલેન્ડ, ભારત, બાંગ્લાદેશ અને યજમાન પાકિસ્તાન છે. ગ્રુપ Bમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. પાકિસ્તાને 2017માં ફાઇનલમાં ભારતને હરાવીને ક્રિકેટ ટ્રોફીની છેલ્લી આવૃત્તિ જીતી હતી.

# WPL VADODARA

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPL માં આજે યુપી વૉરિયર્ઝ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે વડોદરામાં મેચ રમાઈ રહી છે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે યુપી વૉરિયર્ઝના 4.1 ઓવરમાં વિના વિકેટે 55 રન થયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)